નવી બાબત ૨૦૧૫-૧૬

કમિશનરશ્રી, યુવક સેવાની કચેરીની યુથ બોર્ડ શાખાની પ્રિનેશનલ યુથ ફેસ્ટીવલ ટ્રેનીંગ કેમ્પની રૂ.૫/-લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
આવક નંબર
તારીખ
શાખા

ગુજરાત સરકાર,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ યસપ/૧૦૨૦૧૫/૨૧૪૩/બ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૮-૦૪-૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) કમિશનરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગરનો તા.૦૪-૦૪-૨૦૧૬નો પત્ર ક્રમાંકઃયસપ/ યબઅ/નવી બાબત/ખ-૧/૧૮૪

ઠરાવઃ-

કમિશનરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીની યુથ બોર્ડ શાખા દ્વારા હાથ ધરાતી પ્રવૃતિઓ અંતર્ગત પ્રિનેશનલ યુથ ફેસ્ટીવલ ટ્રેનીંગ કેમ્પ માટે સન ૨૦૧૬-૧૭ ના બજેટમાં મંજૂર કરાયેલ રૂ.૫/- (અંકે રૂપિયા પાંચલાખ પુરા)ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા કરાયેલ દરખાસ્ત વિચારણામાં હતી.

પુખ્ત વિચારણાને અંતે કમિશનરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીની યુથ બોર્ડ શાખા દ્વારા હાથ ધરાતી યુવક કલ્યાણની પ્રવૃતિઓ અંતર્ગત પ્રિનેશનલ યુથ ફેસ્ટીવલ ટ્રેનીંગ કેમ્પ માટે વર્ષ ૨૦૧૬-૧૭ ના બજેટમાં મંજૂર કરાયેલ રૂ.૫/- (અંકે રૂપિયા પાંચલાખ પુરા)ની નવી બાબતને નીચેની શરતોએ આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ મંજૂરી નીચે મુજબની શરતોને આધિન રહેશે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી નિતીની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫ આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો વખત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬ આ અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૭ આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે. નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરનડર કરવાની રહેશે.

૮. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. પ્રવર્તમાનયોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૦. આ ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૬ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૮-૨૨૦૪-ખેલકૂદ અને યુવક સેવાઓ-૧૦૩-વિદ્યાર્થીઓ સિવાયના યુવક માટે કલ્યાણ કાર્યક્રમ-૦૨-ઇડીએન-૫૨-યુવક કલ્યાણની સંકલિત યોજના-૫૦૦૦-અન્યખર્ચ-આયોજન સદરે-૨૦૧૬-૧૭ના બજેટમાં મંજૂર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો નાણા વિભાગની તા.૨૨/૦૪/૨૦૧૬થી વિભાગની સરખા ક્રમાંક પરની ફાઇલ પરની નોંધથી મેળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાહુલ પટેલ )
ઉપસચિવ,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્ય કક્ષા મંત્રીશ્રી (ર.ગ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતીક પરવૃત્તિઓ ની કચેરી ગાંધીનગર.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (રમતગમત), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/ અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ક-શાખા, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ,સેકશન અધિકારી પસંદગી ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

પ્રિનેશનલ યુથ ફેસ્ટીવલ ટ્રેનીંગ કેમ્પ યોજવા અંગેની વિગતો દર્શાવતું પત્રક

નવી બાબત-૨૦૧૬-૧૭

સંભવિત ખર્ચની વિગત

| ક્રમ | યોજનાની વિગત | અંદાજીત રકમ (.રૂા) |
|---|---|---|
| ૧. | ટ્રેનીંગ કેમ્પમાં ભાગ લેનાર કલાકારો તથા સહાયકોનો પ્રવાસ ખર્ચ ( અંદાજે ૭૦ કલાકારો તથા સહાયકો ) | રૂા.૫૦,૦૦૦/- |
| ૨. | ટ્રેનીંગ કેમ્પમાં ભાગ લેનાર કલાકારો તથા સહાયકોનો ભોજન ખર્ચઃ- ૫ દિવસ ( અંદાજે ૭૦ કલાકારો તથા સહાયકો ) | રૂા.૧,૦૦,૦૦૦/- |
| ૩. | ટ્રેનીંગ કેમ્પમાં ભાગ લેનાર કલાકારો તથા સહાયકોનો નિવાસ ખર્ચઃ- ૫ દિવસ ( અંદાજે ૭૦ કલાકારો તથા સહાયકો ) | રૂા.૩૦,૦૦૦/- |
| ૪. | લાઇટ,માઇક,સાઉન્ડ તથા સ્ટેજ ખર્ચ ( હોલ ભાડુ)- ૫ દિવસ | રૂા.૧,૦૦,૦૦૦/- |
| ૫. | સહાયકોને પુરસ્કાર ખર્ચઃ-૫ દિવસ ( રૂા.૩૦૦ લેખે) | રૂા.૫૫,૫૦૦/- |
| ૬. | ડ્રેસ ભાડુ -૫ દિવસ ( રૂા.૫૦૦ લેખે) | રૂા.૭૫,૦૦૦/- |
| ૭. | આનુસાંગિક ખર્ચ | રૂા.૮૯,૫૦૦/- |
| | કુલઃ- | રૂા.૫,૦૦,૦૦૦ |